સાંઈ ભોલા ભંડારી, ભક્તિ સાથે ઉમંગનો સંગમ

સુરતના વેસુમાં સાંઈ બાબાની ધૂમ જામી હતી. સદગુરુ સાંઈ કૃપા વેલ્ફેર ગ્રુપ દ્વારા આયોજિત સાંઈ જાગરણમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભજન અને સાંઈબાબાના જીવન ચરિત્ર રજૂ થયેલા પરફોમન્સનો લાભ લીધો હતો. (તસવીર : સતિષ જાદવ)

વેસુ ખાતે ૨૧મા વિશાળ સાંઈ જાગરણની ભવ્ય ઉજવણી થઈ

દિલ્હીનાં ગાયક કલાકાર જોની સુફીએ રંગ જમાવ્યો

સાંઈબાબાના જીવન ચરિત્ર પર કલાકારોએ લાઈવ પરફોમન્સ આપ્યું

સદગુરુ સાંઈ કૃપા વેલ્ફેર ગ્રુપ આયોજીત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા

સુરતઃ શહેરના વેસુ વિસ્તારમાં વિશાળ સાંઈ જાગરણની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સાંઈ ભક્તોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. સંગીતના તાલે સાંઈ ભક્તો મન મૂકીને ભક્તિનો આસ્વાદ માણ્યો હતો.

સદગુરુ સાંઈ કૃપા વેલ્ફેર ગ્રુપ આયોજીત ૨૧મા વિશાળ સાંઈ જાગરણનું આયોજન વેસુ-૨ ઠાકુરજીની વાડી ખાતે યોજાયું હતું. જેમાં જગન્નાથપુરી ધામ બનાવવામાં આવ્યું હતું, જે લોકોમાં ખૂબ જ આકર્ષણ રહ્યું હતું. સાંઈ બાબાનાં ભજન કિર્તનની રમઝટ બોલી હતી. જેમાં દિલ્હીનાં ગાયક કલાકાર જોની સુફીએ રંગ જમાવ્યો હતો. આ પ્રસંગે ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સાઈબાબાના જીવન ચરિત્ર પર કલાકારોએ લાઈવ પરફોમન્સ આપ્યું હતું. લાઈવ પરફોમન્સ સાથે જ હાજર સૌ કોઈ ભક્તિના સાગરમાં ઓતપ્રોત થઈ ઉઠ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સાઈ કૃપા વેલ્ફેર ગ્રુપના સોનુ ચોપડા, અજય ગુપ્તા, નારાયણ, પ્રશાંત જુનેજા, અમિત જિન્દ, નવીન અગ્રવાલ સહિતનાએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભક્તોએ સાંઈ ભજન સાથે સાંઈલીલા પણ અનુભવી હતી. ખાસ કરીને આ કાર્યક્રમમાં મહિલા ઉપરાંત વડીલ તથા બાળકોએ પણ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

કોમર્શિયલ LPG સિલિન્ડર પછી હવે

યાર્નના કાળાબજાર અટકાવવા વડાપ્રધાન સુધી ફરિયાદ કરાઈ

ઈ-મેલ દ્વારા CCI અને DG ઓફ એન્ટી પ્રોફિટિંગ કમિટીને સમક્ષ માંગ કરાઈ

યુદ્ધ પહેલાંના ભાવના સોદાઓ સ્પિનર્સ, યાર્ન ડીલરોએ રદ કરી મોંઘું યાર્ન ખરીદવા ફરજ પાડી: મયૂર ગોળવાલા

યુદ્ધ પછી ભાવમાં આ રીતે કુત્રિમ વધારો થયો

યાર્નનો પ્રકાર	યુદ્ધ પહેલાનો ભાવ	યુદ્ધ પછીનો ભાવ	વધારો (રૂ.કિલો પર)
પોલિએસ્ટર FDY(50/48) SD	107	137	30
પોલિએસ્ટર FDY (50/47) Bright	111	150	39
પોલિએસ્ટર FDY (50/24) Catonic	140	175	35
પોલિએસ્ટર મધર યાર્ન	107	150	43
નાયલોન ફિલામેન્ટ યાર્ન (40/24)	208	235	27
નાયલોન મધર યાર્ન	215	270	55
વિસ્કોસ સ્ટેપલ યાર્ન	210	245	35

સુરતઃ સચિન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ.સોસાયટીના સેક્રેટરી અને ચેમ્બર ઓફ કોમર્સની એન્ટી ડમ્પિંગ, કસ્ટમ કમિટીના ચેરમેન મયૂર જે.ગોળવાલાએ વડાપ્રધાન, કોમ્પિટીશન કમિશન ઓફ ઇન્ડિયા (CCI)ના ચેરમેન, ડીરેક્ટોરેટ જનરલ ઓફ એન્ટી પ્રોફિટિંગ (DGAP) કમિટી, ટેક્સટાઈલ મંત્રી, ટેક્સટાઈલ સેક્રેટરી, ટેક્સટાઈલ કમિશનર, ગુજરાતના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને તાકીદનો ઈમેલ મોકલી યુદ્ધની આડમાં થતા યાર્નના કાળાબજાર તાત્કાલિક અટકાવવા માંગ કરી છે. ગોળવાલાએ પત્રમાં જણાવ્યું છે કે, સુરતના ટેક્સટાઈલ ક્લસ્ટરમાં યુદ્ધની આડમાં યાર્ન ઉત્પાદકો દ્વારા યાર્નના ભાવમાં કુત્રિમ રીતે તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. એને લીધે લાખો વિવરનું શોષણ કરવામાં આવી રહ્યું છે. યુદ્ધની આડમાં છેલ્લા ત્રણ અઠવાડિયા દરમ્યાન પોલિએસ્ટર, વિસ્કોસ અને નાયલોન યાર્નના ભાવોમાં થયેલો તોતિંગ વધારો માત્ર અસામાન્ય નથી પરંતુ ગંભીર રીતે શંકાસ્પદ અને અયોગ્ય છે. આ વધારો કાચા માલના વાસ્તવિક ખર્ચ, ઉત્પાદન ખર્ચ અથવા વૈશ્વિક બજાર પરિસ્થિતિઓ સાથે કોઈપણ રીતે અનુરૂપ નથી. આ સાથે જ બજારમાં દરરોજ સવારે વિવિધ ઉત્પાદકો દ્વારા Sale Closed જેવા સંદેશાઓ પાઠવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને નાયલોન મધર યાર્નના મામલામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. અનેક ઉત્પાદકો દ્વારા બે મહિના પહેલાં લગભગ 195 (Nylon Mother Yarn SD) આસપાસના ભાવે કરાયેલા સોદાઓ હજુ સુધી પૂર્ણ કરવામાં આવ્યા નથી. માલ સપ્લાય કરવામાં આવ્યો નથી અને હવે તે જ યાર્ન વપરાશકર્તાઓને લગભગ 270 ના ભાવે જ માલ ખરીદવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે.

મોરાભાગળમાં દરવાજો લોક થતાં બાથરૂમમાં ફસાયેલી મહિલાનું રેસ્ક્યુ

સુરતઃ શહેરના મોરાભાગળ ભાણકી સ્ટેડિયમ નજીક આવેલી સિટી હોમ સોસાયટીમાં એક મકાનનો દરવાજો લોક થઈ જતા અંદર એક મહિલા ફસાઈ જવાની ઘટના સામે આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ મોરાભાગળ સ્થિત સિટી હોમ સોસાયટીના બી બિલ્ડિંગમાં મકાન નંબર 302માં રહેતી 55 વર્ષીય નઝનીનબેન બપોરના સમયે બાથરૂમમાં નાહવા ગયા હતા. તે દરમિયાન પવનના કારણે બેડરૂમનો દરવાજો અચાનક લોક થઈ જતાં તેઓ અંદર ફસાઈ ગયા હતા. આ બાબતની જાણ પરિવારજનોને થતાં તેમણે તરત જ ફાયર કંટ્રોલ રૂમને માહિતી આપી હતી. જેના પગલે મોરાભાગળ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર કર્મચારીઓએ સ્પ્રેડર ટૂલ્સની મદદથી દરવાજો તોડી મહિલાને સલામત બહાર કાઢી હતી, તેવું ફાયર સબ ઓફિસર ગિરીશ સેલરે જણાવ્યું હતું.

એ.કે. રોડ પર પરિણીતાએ પ્રેમી સાથે અણબનાવમાં ફાંસો ખાધો

સુરતઃ એ.કે રોડના પરિણીતાનું પ્રેમી સાથે અણબનાવ થતા ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશ અમીરપુરના વતની નરેન્દ્ર મોહન કુશ્વાહ હાલ અશ્વિનીકુમાર રોડ પર આવેલ પટેલનગરમાં રહે છે. નરેન્દ્ર મોહન એમ્બ્રોઇડરીના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના ચાર વર્ષ પહેલાં 24 વર્ષીય આકાંક્ષા નામની યુવતી સાથે લગ્ન થયા હતા. આકાંક્ષા સ્ટોન ચોટાડી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. ગઈ કાલે રાત્રે આકાંક્ષાએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આકાંક્ષાએ તેના પ્રેમી સાથે અણબનાવ થતાં અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ અશ્વિનીકુમાર પોલીસ કરી રહી છે.

દેવધગામના કાપડ વેપારીનો ડિપ્રેશનમાં વધુ દવા ખાઈને આપઘાત

સુરત : દેવધગામના કાપડ વેપારીએ ડિપ્રેશનમાં વધુ દવા ખાઈને આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાન નાગોર જિલ્લાના વતની સવલારામ મંગારામ જાટ (36 વર્ષ) હાલ દેવધ ગામમાં આવેલી શિરડી ધામ સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. સવલારામ ટેક્સટાઇલ માર્કેટમાં કાપડનો વેપાર કરતો હતો. સવલારામને અફીણની કુટેવ હતી. ગત 10મી માર્ચે સવલારામે સવારમાં ભાંગ પીધી હતી. ત્યારબાદ સાંજે અફીણ પીધું હતું. બાદમાં રાત્રે સૂતી વખતે ડિપ્રેશનની બે ગોળીઓ ખાઈ લીધી હતી. જેથી તેમની અચાનક તબિયત લથડતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન શનિવારે રાત્રે તેનું મોત થયું હતું. સવલારામ ઘણા સમયથી ડિપ્રેશનમાં રહેતો હતો. જે ડિપ્રેશનના કારણે ગોળીઓ ખાઈ અપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

પતિને જેલમાંથી છોડાવવાના બહાને મિત્રનું પરિણીતા સાથે દુષ્કર્મ

આરોપીએ પરિણીતાના નગ્ન ફોટા પાડી વાયરલ કરવાની અને દંપતીને ગાંજાના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂપિયા પણ પડાવ્યા

સુરત : સીમાડા નાકા વિસ્તારમાં રહેતી એક પરિણીતાને પતિના જામીન કરાવી આપવાની લાલચ આપી એક શખ્સે શારીરિક અડપલાં કરી, છેવટે ઘરમાં ઘૂસી પરિણીતા પર દુષ્કર્મ ગુજાર્યું હોવાની હચમચાવી દેતી ઘટના પ્રકાશમાં આવી છે.

ઘટનાની વિગત મુજબ, વર્ષ 2025માં સુનિતા (નામ બદલ્યું છે) ના પતિ રાજેશ વિરુદ્ધ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો કેસ નોંધાયો હતો. પતિ જેલમાં હોવાથી સુનિતાએ તેને મળવા માટે પતિના મિત્ર શૈલેષ પાસેથી અન્ય મિત્ર અલ્પેશ રૂડાણીનો નંબર મેળવ્યો હતો. સુનિતાએ અલ્પેશનો સંપર્ક કરતા વકીલ અને જામીનનું સેટિંગ કરી આપવાની લાલચ આપી સુનિતાનો વિશ્વાસ જીત્યો હતો. બે દિવસ પછી જ્યારે રાજેશને લાજપોર જેલમાં ટ્રાન્સફર કરાયો ત્યારે અલ્પેશ તેની સફેદ ફોર્ચ્યુનર ગાડીમાં સુનિતાને કપડાં અને નાસ્તો પહોંચાડવા લઈ ગયો હતો. પરત આવતી વખતે સેવણી ખાતેના ફાર્મ હાઉસ પર કૂતરાને મૂકવાના બહાને લઈ જઈ અલ્પેશે સુનિતા સાથે શારીરિક અડપલાં કર્યા હતા. 21 જાન્યુઆરી 2026ના રોજ સુનિતાને રાજકોટ જવાનું હોવાથી અલ્પેશે તેને રંધોળા (ભાવનગર) સુધી મૂકવા જવાનું કહી ગાડીમાં બેસાડી હતી, જ્યાં રસ્તામાં ફરી જબરદસ્તીનો પ્રયાસ કર્યો હતો. 28 જાન્યુઆરીએ રાજેશ જેલમાંથી છૂટીને ઘરે આવ્યો ત્યારે પણ અલ્પેશે તેની હેરાનગતિ ચાલુ રાખી હતી. વિવિધ બહાને રાજેશ પાસેથી 7 લાખ રૂપિયા ઉછીના પણ લીધા હતા. હદ તો ત્યારે થઈ જ્યારે 12 ફેબ્રુઆરી 2026ના રોજ અલ્પેશે રાજેશને કોર્ટના બહાને ઘરની બહાર મોકલી દીધો અને સુનિતાના ઘરે પહોંચી ગયો હતો. પતિની ગેરહાજરીનો લાભ લઈ તેણે સુનિતા સાથે મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા અને તેના નગ્ન ફોટા પાડી લીધા હતા. તેણે ધમકી આપી હતી કે જો આ વાત કોઈને કહીશ તો તને અને તારા પતિને ગાંજાના ખોટા કેસમાં ફસાવી દઈશ અને ફોટા વાયરલ કરી દઈશ. થોડા દિવસો બાદ અલ્પેશે ફરીથી જબરદસ્તી કરવાનો પ્રયાસ કર્યો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા સુનિતાએ પતિને આપવીતી જણાવી હતી. આ ગંભીર મામલે કાપોદ્રા પોલીસે અલ્પેશ રૂડાણી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શેરબજારમાં રૂપિયા ડૂબી જતાં લસકાણાના રત્નકલાકારનો આપઘાત

સુરત : શેરબજારમાં રૂપિયા ડૂબી જતા લસકાણાના રત્નકલાકારે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું.

મૂળ ગીરસોમનાથ જિલ્લાના હડમતીયા ગામના વતની અજયભાઈ જમનાદાસ ભંડેરી (35 વર્ષ) હાલ લસકાણા અયોધ્યાપુરમ સોસાયટીમાં એક પુત્રી સહિતના પરિવાર રહેતો હતો. રત્નકલાકાર તરીકે નોકરી કરતો હતો. શનિવારે સવારે અજયભાઈ નિત્યક્રમ મુજબ બાઈક પર નોકરી પર જવા નીકળ્યા હતા. બાદમાં તેઓ રેલવે સ્ટેશન ખાતે આવેલી સિટીઝન હોટલમાં ગયા હતા અને ત્યાં બીજા માળે રૂમ નં. 204માં છતમાં લગાવેલી લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેઓના શેર માર્કેટમાં રૂપિયા ડૂબી જવાથી તણાવમાં આવી અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું હતું. અજયભાઈએ અગાઉ પણ હોટલમાં ઊંઘની દવાઓ ખાઈ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.

સુરત મનપા 451 કરોડના ખર્ચે 4 નવા એસટીપી પ્લાન્ટ બનાવશે

સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતામાં કુલ 338 MLD ક્ષમતાથી નવા વિસ્તારોની ડ્રેનેજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાનો પ્રયાસ

કયા વિસ્તારમાં કેટલા ક્ષમતાના STP બનશે

- કોસાડ - મોટા વરાછા - અબ્રામા વિસ્તારમાં 143 MLD ક્ષમતાનો પ્લાન્ટ, અંદાજિત ખર્ચ 174 કરોડ રૂપિયા
- વાલક વિસ્તારમાં 100 MLD ક્ષમતાનો પ્લાન્ટ, અંદાજિત ખર્ચ 129 કરોડ રૂપિયા
- કનકપુર - કનસાડ (નવા વિસ્તારો) ખાતે 53 MLD ક્ષમતાનો પ્લાન્ટ, અંદાજિત ખર્ચ 79 કરોડ રૂપિયા
- સણિયા હેમાદ (નવા વિસ્તારો) ખાતે 42 MLD ક્ષમતાનો પ્લાન્ટ, અંદાજિત ખર્ચ 69 કરોડ રૂપિયા

સુરત : શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ 338 એમએલડી ક્ષમતા ધરાવતા ચાર નવા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ચારેય પ્રોજેક્ટ્સ અંદાજે 451 કરોડ રૂપિયાના ખર્ચે સાકાર થવાના છે. વહીવટી તંત્ર દ્વારા આ ચારેય પ્રોજેક્ટ્સ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ નવા વિસ્તારોમાં ઉભી થતી ડ્રેનેજ સમસ્યાનો કાયમી ઉકેલ મળશે અને ગંદા પાણીના વૈજ્ઞાનિક રીતે શુદ્ધિકરણ થવાથી પર્યાવરણને પણ ફાયદો થશે. આ ચારેય પ્લાન્ટ્સ મળીને કુલ 338 એમએલડી ક્ષમતા ધરાવશે અને તેના માટે કુલ 451 કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.

પાંડેસરામાં 3 મિત્રની બાઈક ડિવાઈડર સાથે અથડાતાં 1નું મોત

વડોદ ગામનો મુકેશ તેના મિત્રો સાથે ચા પીવા ઉધના આવતો હતો ત્યારે અકસ્માત સર્જાતા બેને ગંભીર ઇજા

સુરત : પાંડેસરામાં ત્રણ મિત્રોની બાઈક ડિવાઈડર સાથે અથડાતાં એકનું મોત નિપજ્યું હતું. જ્યારે બેને ગંભીર ઈજાઓ થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ બિહારના ઔરંગાબાદ જિલ્લાના વતની અને હાલ પાંડેસરા વડોદ ગામમાં આવેલા ક્રિષ્નાનગરમાં ૨૦ વર્ષીય મુકેશ મુનશીભાઈ ગુપ્તા પરિવાર સાથે રહેતો હતો અને ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો.

મુકેશના માતા-પિતા મોટાભાઈ રાકેશનું સગપણ નક્કી કરવાનું હોવાથી વતનમાં ગયા હતા. કાલે રાત્રે મુકેશ તેમના અન્ય પાંચ મિત્રો સાથે કામ માટે ગયો હતો. બાદમાં તમામ મિત્રો ઉધના ચા પીવા માટે જતા હતા.

દરમિયાન મુકેશ બાઈક ચલાવતો હતો અને તેની પાછળ તેમના બે મિત્રો બેસેલા હતા.

ત્યારે બાટલીબોય ત્રણ રસ્તા પાસે મુકેશે બાઈકના સ્ટિયરીંગનું સંતુલન ગુમાવતા બાઈક ડિવાઇડર સાથે ધડાકાભેર અથડાતાં ત્રણેય મિત્રોને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેઓને સારવાર માટે ૧૦૮માં ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ફરજ પરના તબીબે મુકેશને મૃત જાહેર કર્યો હતો. જ્યારે મિત્ર કૌશલ પાસવાન (ઉ.વ.૧૭)ને માથામાં ઈજા પહોંચી હતી અને અન્ય એક મિત્રની જમણા હાથની આંગળી કપાઈ ગઈ હતી. આ અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

સુરત મનપાની ચૂંટણી માટે 11,550 અવિલોપ્ય શાહી બોટલ ખરીદાશે

સુરતઃ પાલિકાના ઈલેક્શન એન્ડ સેન્સસ વિભાગ દ્વારા મતદાન પ્રક્રિયામાં ઉપયોગી અવિલોપ્ય શાહી ખરીદવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલિકા તંત્ર દ્વારા મૈસુર સ્થિત મૈસુર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશિઝ લિમિટેડ પાસેથી આ શાહી ખરીદવાનું આયોજન કરાયું છે. આવનારી ચૂંટણીમાં વોર્ડ નં. ૧થી ૩૦ માટે અંદાજે ૩૫૦૦ જેટલા મતદાન મથકો નિર્ધારિત થવાની સંભાવના છે. દરેક બુથ માટે ત્રણ બોટલના રિઝર્વ જથ્થા સાથે કુલ ૧૧,૫૫૦ શાહી બોટલ ખરીદાશે. એક બોટલની કિંમત રૂ. ૨૭૩ મુજબ કુલ રૂ. ૩૧.૫૩ લાખનો ખર્ચ થશે. ઉપરાંત કુરિયર ચાર્જ રૂ. ૧૯,૧૧૦ અને જીએસટી રૂ. ૫.૭૧ લાખ સાથે કુલ ખર્ચ અંદાજે રૂ. ૩૭.૪૩ લાખ થશે. કંપની ભારત સરકારની જાહેર સાહસ સંસ્થા હોવાથી એડવાન્સ પેમેન્ટ કરવામાં આવશે અને કરારનામા તથા સિક્યોરિટી ડિપોઝિટમાંથી મુક્તિ આપવામાં આવશે.

પાટીલના જન્મદિવસે તેમના નિવાસે ટિકિટની આશામાં પૂર્વ કોર્પોરેટરોની ભીડ

ચૂંટણી નજીક આવતા શુભેચ્છા સાથે "રાજકીય હાજરી" નોંધાવવા દોડા-દોડ

સુરત : મહાનગરપાલિકાની ટર્મ પૂર્ણ થયા બાદ આવનારી ચૂંટણીને લઈ રાજકીય હલચલ તેજ બની છે. આ વચ્ચે નવસારીના સાંસદ અને ગુજરાત ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના 16 માર્ચના જન્મદિવસ પહેલાં જ સુરતમાં તેમના નિવાસસ્થાને શુભેચ્છકોની ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને પૂર્વ કોર્પોરેટરોમાં તો ઉત્સાહ એવો હતો કે સવારથી જ ફૂલહાર અને બુકે સાથે "શુભેચ્છા" આપવા લાંબી કતારો લાગી ગઈ હતી. રાજકીય વર્તુળોમાં ચર્ચા એવી છે કે આવનારી પાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઘણા પૂર્વ કોર્પોરેટરો ફરી ટિકિટ મેળવવાની આશામાં પાટીલને મળવા પહોંચ્યા હતા. આમ, જન્મદિવસના શુભેચ્છા કાર્યક્રમમાં રાજકીય ગણિત પણ સરસ રીતે ગોઠવાતું જોવા મળ્યું હતુ. આવતીકાલે સંસદ સત્રને કારણે દિલ્હી જવાનું હોવાથી પાટીલ આજે જ કાર્યકરોને મળી રહ્યા છે. તેમણે કાર્યકરોને જન્મદિવસ ભવ્ય રીતે ઉજવવા બદલે સેવાકીય પ્રવૃત્તિઓ કરવા અપીલ કરી છે. બ્લડ ડોનેશન કેમ્પ, અનાજ કિટ વિતરણ, વૃક્ષારોપણ અને ગરીબ વિદ્યાર્થીઓને સહાય જેવી પ્રવૃત્તિઓ દ્વારા દિવસ ઉજવવા સૂચન કર્યું છે. જો કે રાજકીય ગલીઓમાં ચર્ચા એ પણ છે કે સેવાકીય કાર્યક્રમો સાથે સાથે "ટિકિટ માટેની હાજરી" નોંધાવવાનું કામ પણ પુરજોશમાં ચાલી રહ્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

જન્મદિવસે સી.આર. પાટીલે 51 અંગદાતા પરિવારોનું સન્માન કર્યું

સુરતઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટીલે પોતાના જન્મદિવસની ઉજવણી કોઈ આડંબર વગર માત્ર જનસેવા અને સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા કરીને સમાજને એક નવો રાહ ચીંધ્યો છે. તેમના જન્મદિવસે સુરતની નવી સિવિલ હોસ્પિટલના સહયોગથી પાટીલે 51 જેટલા અંગદાતા પરિવારોનું ભાવસભર સન્માન કરી તેમની અંગદાન થકી અન્યોને ઉપયોગી થવાની ઉમદા ભાવનાને નતમસ્તક વંદન કર્યા હતા. પાટીલે અંગદાતા પરિવારોને રૂબરૂ મળી, હાથ જોડી નતમસ્તક થઈ અભિવાદન કરી ઋણ સ્વીકાર કરતાં તેમણે જણાવ્યું હતું કે, અંગદાન એ મહાદાન છે. પરિવારો ખરા અર્થમાં વંદનીય છે. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ પરેશભાઈ પટેલ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના દિલીપભાઈ દેશમુખ, નર્સિંગ કાઉન્સિલના ઇકબાલ કડીવાલા, કાઉન્સિલર નિર્મલા કાથુડે સહિતના મહાનુભાવો, તબીબી ટીમ અને અંગદાતા પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

યશવી ફાઉન્ડેશન દ્વારા ૧૦૧ દીકરીઓના સમૂહલગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન

સુરત : સુરત ખાતે યશવી ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત તૃતીય સમૂહલગ્ન મહોત્સવ 14 માર્ચ, શનિવારે ડુમસ એરપોર્ટ રોડ સ્થિત રાજઘરાના લોન્સ ખાતે ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે 101 જરૂરિયાતમંદ અને પિતાવિહોણી દીકરીઓએ વૈવાહિક જીવનમાં પ્રવેશ કર્યો હતો. સંસ્થાએ પ્રથમ વર્ષે 21 અને બીજા વર્ષે 51 દીકરીઓના લગ્ન કરાવ્યા બાદ આ વર્ષે 101 દીકરીઓના સમૂહલગ્ન યોજી સામાજિક સેવા ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. કાર્યક્રમમાં રાજ્ય અને શહેરના રાજકીય આગેવાનો, પોલીસ અધિકારીઓ સહિત અંદાજે 4 હજારથી વધુ મહેમાનો ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. યશવી ફાઉન્ડેશન દ્વારા દરેક દીકરીને કરિયાવર તરીકે ફ્રીઝ, ટીવી, કબાટ, ગાદલા-તકિયા અને કિચન સેટ સહિતની આવશ્યક ઘરગથ્થુ વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. ઉપરાંત, વડાપ્રધાનના સર્વાઈકલ કેન્સર મુક્ત ભારત અભિયાનને સમર્થન આપવા માટે 16 માર્ચે કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલના જન્મદિન નિમિત્તે આ તમામ 101 દીકરીઓને HPV (સર્વાઈકલ કેન્સર વિરોધી) વેક્સિન આપવાની જાહેરાત પણ સંસ્થાએ કરી છે.

પિતરાઈ ભાઈઓએ આધેડ વેપારીને કંપનીના ડિરેક્ટર પદેથી હટાવી દીધા

જૂના સરનામે નોટિસો મોકલી છાબડા બંધુઓએ ખેલ કર્યો

સચિનની ટેક્સટાઈલ કંપનીમાં સત્તા અને શેર હોલ્ડિંગ મુદ્દે પિતરાઈ ભાઈઓએ કારસ્તાન કર્યુ

સુરત : સચિન હોજીવાલા ઇન્ડસ્ટ્રી એસ્ટેટમાં આવેલી ખાનગી ટેક્સટાઈલ કંપનીમાં સત્તા અને શેર હોલ્ડિંગ મુદ્દે પિતરાઈ ભાઈઓ વચ્ચે લાંબા સમયથી ચાલતો વિવાદ હવે પોલીસ મથકે પહોંચ્યો છે. કંપનીના ડિરેક્ટર પદ પરથી દૂર કરવા માટે પિતરાઈઓએ ખોટી મીટિંગોનું આયોજન કરી અને જૂના સરનામે નોટિસો મોકલી છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે.

શહેરના ઘોડદોડ રોડ આશીર્વાદ પેલેસમાં રહેતા અને મુનીસ ટેક્સટાઈલના નામે વેપાર કરતા ૫૬ વર્ષીય મુનીસ ચંદીરામ બજાજે સચિન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓ વર્ષ ૨૦૦૫થી હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી 'ગ્લોરીયસ ક્રીએશન પ્રાઈવેટ લિમિટેડ' કંપનીમાં ડિરેક્ટર તરીકે કાર્યરત છે. આ કંપનીમાં તેમના પિતરાઈ ભાઈ દીપકકુમાર ધરમચંદ છાબરા, સાલુ છાબરા અને મીતીન છાબરા પણ ડિરેક્ટરો છે. પરિવારમાં મિલકત બાબતે ચાલતી તકરાર વચ્ચે આરોપી પિતરાઈ ભાઈઓએ તેમને ડિરેક્ટર પદ પરથી હટાવવાનું કાવતરું ઘડ્યું હતું. આરોપીઓએ જાણી જોઈને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગની નોટિસો મુનીસભાઈના હાલના સરનામાને બદલે તેમના જૂના ભાડાના મકાનના સરનામે મોકલી હતી. જૂના મકાનના વોચમેન દ્વારા આ મામલે જાણ કરતા જ્યારે તેઓ મીટિંગના સ્થળે પહોંચ્યા, ત્યારે ત્યાં કોઈ જ મીટિંગ મળી ન હતી.

આ સમગ્ર ઘટનાની તેમણે વિડીયોગ્રાફી પણ કરી હતી. જેથી શંકા જતા તપાસ કરતા માલમ પડ્યું કે, શરૂઆતમાં આરોપી દીપક છાબરા પાસે ૨૫% શેર હતા, જે હાલમાં વધીને ૭૧.૦૨ % (૪,૮૩,૦૦૦ શેર) થઈ ગયા છે. આ શેર કઈ રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યા તેની કોઈ જાણકારી કે ઠરાવ મુનશી બજાજને આપવામાં આવ્યા નથી. ખોટા મિનિટ્સ અને એજન્ડા ઉભા કરી કંપની એક્ટની કલમોનો ભંગ કરી વિશ્વાસઘાત કર્યો કરતા તેમણે પોલીસનું શરણું લીધું હતું. સચિન પોલીસે આ મામલે દીપકકુમાર ધરમચંદ છાબરા અને સાલુ દીપકકુમાર છાબરા (બંને રહે. આશીર્વાદ પેલેસ, ભટાર) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

દેવું થઈ જતા યુવતીએ સહેલીના ઘરમાંથી ચોરી કરી

1.95 લાખનો સોનાનો હાર સેરવી લીધો, સમાધાન નિષ્ફળ જતાં અડાજણ પોલીસમાં ફરિયાદ, યુવતીની ધરપકડ

સુરતઃ પાલનપુર જકાતનાકાની સંત જ્ઞાનેશ્વર સોસાયટીમાં પાડોશમાં રહેતી અને ઘર જેવો સંબંધ રાખતી નાની દીકરીની બહેનપણી ઘરમાંથી રૂ. ૧.૯૫ લાખની કિંમતનો સોનાનો હાર ચોરી લીધો હતો. પાલનપુર જકાતનાકા પાસે આવેલી સંત જ્ઞાનેશ્વર સોસાયટીમાં રહેતા જાગ્રુતીબેન કીરણભાઈ જાદવે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમની મોટી દીકરી અંજનીએ પોતાનો સોનાનો હાર રિપેરિંગ માટે તેમને આપ્યો હતો. જેથી જાગ્રુતીબેને આ હાર ઘરના લાકડાના કબાટના ખાનામાં સાચવીને મૂક્યો હતો. ગત તા. ૧૪/૧૨/૨૦૨૫ થી ૨૨/૧૨/૨૦૨૫ દરમિયાન આ હાર કબાટમાંથી રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો હતો. હાર ન મળતા જાગ્રુતીબેનને તેમની નાની દીકરી શ્વેતાની મિત્ર અને પાડોશમાં જ રહેતી દર્શના રાકેશ ખારવા પર શંકા ગઈ હતી, કારણ કે દર્શનાનું ઘરે અવારનવાર આવવા-જવાનું હ